# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

**Accredited by NAAC with "A" Grade (CGPA 3.02)**

પો.બો.નં.–૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોનઃ(૦૨૭૬૬) ૨૨૨૭૪૫,૨૩૦૫૨૯,૨૩૦૭૪૩,૨૩૩૬૪૮ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


પરિપત્ર નં. <u>૧૪/૨૦૧૭</u>

**વિષય : વર્ષ ૨૦૧૭–૧૮ ની યુનિવર્સિટી ડાયરી માટે જરૂરી માહિતી મોકલવા અંગે.**

શ્રીમાન,

ઉપરોકત વિષયે જણાવવાનું કે, વર્ષ ૨૦૧૭–૧૮ માટે યુનિવર્સિટીની ડાયરી તૈયાર કરવાની હોવાથી આપની કોલેજ/ સંસ્થાની માહિતી શૈ.વર્ષ ૨૦૧૬–૧૭ ની યુનિવર્સિટીની ડાયરીમાં આપેલ છે. તેની ચકાસણી કરી આ સાથે સામેલ પત્રક પ્રમાણે Excel માં આપેલ કોઠામાં જરૂરી વિગતો ભરીને તુરંત ઉલટ ટપાલે મોકલી આપવી. જે Excel ની ફાઈલ વેબસાઈટ www.ngu.ac.in પર મુકવામાં આવેલ છે તે ડાઉનલોડ કરી જરૂરી વિગતો ભર્યા બાદ Excel ની ભરેલ વિગતનો E-Mail: hngudiary2017@gmail.com પર સત્વરે કરશો. **<u>જો ૨૦૧૬–૧૭ની ડાયરીની માહિતીમાં ભૂલ હોય તો સુધારેલી માહિતી તા.૨૭/૦૨/૨૦૧૭ સુધીમાં અચૂક મોકલી આપવી. જો માહિતીમાં કોઈ ભુલ ન હોય તો અગાઉની ડાયરીમાં આપેલ માહિતી બરાબર છે, તેવુ સ્પષ્ટ લખી આપની સંસ્થાની માહિતી સમય મર્યાદામાં અચૂક મોકલી આપવી.</u>**

આપના તરફથી સમયસર માહિતી મળશે નહીં તો તેનો યુનિવર્સિટી ડાયરીમાં સમાવેશ કરવામાં આવશે નહી. જેની નોંધ લેવા વિનંતી.

આ માહિતી જે તે સમયે કોલેજને મળેલ મંજૂરી મુજબ જ સાચી ભરવી. વેબસાઈટ પર દરેક કોલેજની યાદી છે, જે ચકાસી લેવી. આપની કોલેજની માહિતી આ સાથે સામેલ પત્રકમાં અવશ્ય મોકલી આપવી.

(**નોંધ :–** ૧. યુનિવર્સિટીએ તમામ પરિપત્રો કોલેજને E-Mail થી મોકલવાનું નકકી કરેલ છે. તેથી આચાર્યશ્રીનું E-Mail ID હોવું જરૂરી છે. તેથી જે કોલેજના આચાર્યશ્રીનું E-Mail ID નથી તેવી કોલેજોના આચાર્યશ્રીઓને તાકીદ કરવામાં આવે છે કે તેઓનું E-Mail ID બનાવી યુનિવર્સિટીને સત્વરે મોકલી આપવુ. E-Mail ID ન હોવાને કારણે યુનિવર્સિટી ધ્વારા કરવામાં આવતાં પરિપત્રોથી કોલેજ વંચિત રહેશે તો તેની **<u>સઘળી જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રીની રહેશે.</u>** જેની નોંધ લેશો.

૨. જે કોલેજ / સંસ્થાનું એનરોલમેન્ટ zero હશે તેમજ જે સંસ્થાની ૨૦૧૭–૧૮ ની જોડાણ અરજી આવેલ નથી. તેવી કોલેજ/સંસ્થાનું નામ ડાયરીમાં લેવામાં આવશે નહી તથા યુનિવર્સિટીની વેબસાઈટ પરથી નામ કાઢી નાખવામાં આવશે. તેની નોંધ લેશો.

આપનો વિશ્વાસુ,
સહી/–
કા. કુલસચિવ

નં.એકે /એન./૬૪૩/૨૦૧૭
તા.૨૪/૦૧/૨૦૧૭

પ્રતિ,

૧. યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ.
૨. યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષ/ કો–ઓર્ડિનેટરશ્રીઓ.
૩. યુનિવર્સિટી કાર્યાલયના પ્રત્યેક વિભાગના વડાશ્રીઓ.

**નકલ રવાના :–**

૧. સ્ટેટેસ્ટીકલ સેલ – તમામ કોલેજો / ભવનોના અધ્યક્ષશ્રીઓને ઈ–મેલ કરવા સારૂ.
૨. કોમ્પ્યુટર સેન્ટર – યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવા સારૂ.
૩. સંલગ્ન કોલેજને પત્ર ધ્વારા.
૪. કુલપતિ/ ઉપકુલપતિ/ કુલસચિવના કાર્યાલય.
૫. મહેકમ/ બાંધકામ શાખા/શા.શિ/ એન.એસ.એસ./પરીક્ષા/લાયબ્રેરી